# Public Library Network (સાર્વજનિક ગ્રંથાલયોનું નેટવર્ક)

ડૉ. ચેતના શાહ,
ગ્રંથપાલ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિર્વસિટી, અમદાવાદ.

## ૧. પ્રસ્તાવના

સાર્વજનિક ગ્રંથાલય એ લોકોનું, લોકો વડે અને લોકો માટેનું વિશ્વવિદ્યાલય છે. તે સમાજના દરેક નાગરિકને કોઈપણ પ્રકારના ભેદ અર્થાત્ ઉંમર, જ્ઞાતિ, ધર્મ, ભાષા, પ્રદેશ સિવાય વિનામૂલ્યે સેવા પૂરી પાડતી, સરકાર દ્વારા અથવા સરકારી અનુદાન દ્વારા ચાલતી જાહેર સંસ્થા છે. સાંપ્રત સમયમાં જયારે માહિતી અને પ્રત્યાયન ટેકનોલોજીનો પ્રસાર દરેક ક્ષેત્રમાં વ્યાપક બન્યો છે. ત્યારે સાર્વજનિક ગ્રંથાલયોએ પણ તેની સેવાઓમાં તેનો ઉપયોગ કરવો આવશ્યક બની ગયો છે. પ્રસ્તુત લેખમાં સાર્વજનિક ગ્રંથાલયોમાં પ્રત્યાયન ટેકનોલોજીના ઉપયોગ દ્વારા કઈ કઈ સેવાઓ આપી શકાય તેની ચર્ચા કરી ભારતના સંદર્ભમાં સાર્વજનિક ગ્રંથાલયોના નેટવર્ક વિકાસની ચર્ચા કરવામાં આવેલ છે.

## ૨. નેટવર્કનો અર્થ અને પરિભાષા

સામાન્ય શબ્દકોશ મુજબ નેટવર્ક એટલે “એક જોડાણવાળી પધ્ધતિ’’ સંસાધન ભાગીદારીના હેતુઓ પ્રાપ્ત કરવા માટેની સંયોજિત વ્યવસ્થા એટલે નેટવર્ક.

ગ્રંથાલય નેટવર્ક એટલે બે કે તેથી વધુ ગ્રંથાલયોના સંસાધનોની ભાગીદારીના ઉપયોગ માટે ગ્રંથાલયો સાથે પારસ્પરિકરૂપથી જે નેટવર્ક સ્થાપિત કરવામાં આવે તેને ગ્રંથાલય નેટવર્ક કહેવાય. નેટવર્કમાં બે અથવા વધુ ગ્રંથાલયો કેટલાક હેતુઓ અને કાર્યો માટે પ્રત્યાયન દ્વારા માહિતી આપ–લેની સામાન્ય પધ્ધતિથી જોડાયેલા હોય છે.

“માનવ સમાજનું વાસ્તવિક પ્રવર્તન સહકાર છે. સ્થાન અને સમયના સંદર્ભમાં માનવ અનુભવોના આધારે ગ્રંથ અને માહિતીનો સહકાર જરૂરી છે. તેનો વ્યાપક ઉપયોગ અને મૂલ્યોએ સમાજને ભૂતકાળ અને વર્તમાનના તથા દેશ અને વિદેશના વિચારો અને અનુભવોને હંમેશા ઉપલબ્ધ બનાવવાનું શુભ કાર્ય કર્યું છે.’’ *–ડોનાલ્ડ કોમેન*

ગ્રંથાલય નેટવર્ક દ્વારા જોડાણ થયેલ ગ્રંથાલયો કોઈ હેતુસર એકબીજાના સાધનો અને સુવિધાનો એકબીજા સાથે વિનિમય કરી શકે. ડૉ.રંગનાથના મત અનુસાર તાલુકાના બધા ગ્રંથાલયો જીલ્લા ગ્રંથાલયો જિલ્લા ગ્રંથાલયોને રાજય ગ્રંથાલયો, રાજય ગ્રંથાલયોને ક્ષેત્રિય ગ્રંથાલયો અને ક્ષેત્રિય ગ્રંથાલયોને રાષ્ટ્રીય ગ્રંથાલયો સાથે સમૃધ્ધ કરવા જોઈએ. આમ, ગ્રંથાલય નેટવર્ક એટલે ગ્રંથાલયો અને ઉપયોગકર્તાઓ વચ્ચે જુદા જુદા ગ્રંથાલયોને નેટવર્ક દ્વારા કોમ્પ્યુટર આધારિત માહિતી સેવાઓનો વિકાસ કરવો.

## ૩. નેટવર્કના હેતુઓ

- ખર્ચમાં ઘટાડો કરવો.
- બિનજરૂરી બેવડાતા સ્રોત અટકાવવા
- ગ્રંથાલય સેવાઓ અને પ્રવૃત્તિઓ કાર્યક્ષમ બનાવવી
- માહિતી સેવાઓ, વિશિષ્ટ સેવાઓમાં વધારો કરી સેવાઓ અને પ્રવૃત્તિઓ કાર્યક્ષમ બનાવવી.
- ઝડપી સેવા આપવી.
- ગ્રંથાલયોના ધ્યેયની પૂર્તિ કરવી.
- કોઈ ચોકકસ વિષય પર વધુમાં વધુ માહિતી એકત્ર કરવી.
- ઓછા ખર્ચે વધુ સેવા આપવી.
- સાર્વજનિક ગ્રંથાલયોને રસ હોય તેવા ક્ષેત્રોમાં કોમ્પ્યુટર આધારિત વાઙ્મયસૂચિ ડેટાબેઝ તૈયાર કરવા.
- વાઙ્મયસૂચિ નિયંત્રણ કરવું.
- રાષ્ટ્રીય માહિતી માળખાનો વિકાસ કરવો.
- ડેટા આપ–લેની ક્ષમતા વધારવી.

- ટેકનિકલ અને સંયોજનાત્મક માળખાનો વિકાસ કરવો અને પ્રોત્સાહન આપવું.
- બિન વાઙ્મયસૂચિ ડેટાબેઝના સર્જનમાં પ્રોત્સાહન આપવું.

## ૪. નેટવર્કની જરૂરીયાત

સાર્વજનિક ગ્રંથાલય નેટવર્કની જરૂરિયાત નીચે મુજબ દર્શાવી શકાય

- નેટવર્ક આવેલ માહિતી જુની થઈ જાય તે પહેલાં, નવી માહિતી દરેક ઉપભોકતા સુધી ઝડપથી પહોંચાડે છે. આમ માહિતીનું આદાન પ્રદાન ઝડપી કરી શકાય છે.
- નેટવર્ક ઓછા ખર્ચે ઝડપી સેવા નવીનત્તમ રીતે આપી શકે.
- નેટવર્ક ગ્રંથાલય સેવામાં વૃધ્ધિ કરે છે.
- નેટવર્ક મર્યાદિત બજેટમાં માહિતીનું આદાન–પ્રદાન શકય બનાવે છે.
- ઉપભોકતાની માંગ સંતોષી  શકાય છે.
- ગ્રંથાલયોની સંઘસૂચિ તૈયાર કરી શકાય છે.
- દેશના આર્થિક અને સામાજિક વિકાસને પ્રોત્સાહન આપે છે.
- નેટવર્ક દ્વારા જરૂરી પ્રલેખનું કાર્યક્ષમતાથી વિતરણ કરવાની ગોઠવણ કરી શકાય છે.
- કોઈ ખાસ પ્રલેખ નેટવર્કમાં ઉપલબ્ધ છે કે નહી; તેની ચકાસણી વ્યકિત સરળતાથી કરી શકે છે.
- બીજા નેટવર્કો, પધ્ધતિઓ સાથે સંલગ્ન થવામાં સરળતા કરી આપવા.
- નાના ગ્રંથાલયોને વિશાળ લાભોની દ્દષ્ટિએ ભાગ લેવા પ્રેરણા પૂરી પાડવા.
- ગ્રંથાલય સેવામાં ઉત્પાદનલક્ષી સુધારાઓમાં શકિતશાળી ઉદ્દીપક પુરો પાડી શકે છે.
- સ્ત્રોતોને તર્કસંગત બનાવવા માટે.
- માનવ સંસાધન વિકાસમાં સુધારો કરવા નેટવર્ક મદદ માટે.
- કાર્યમાં એકરૂપતા અને સહયોગ માટે.

## ૫.નેટવર્કના લાભ

સાર્વજનિક ગ્રંથાલય નેટવર્કથી નીચેના લાભ થાય

- ગ્રંથસંગ્રહ વિકાસનો ખર્ચ લઘુત્તમ થાય
- માહિતી સેવાઓની ગુણવત્તામાં વધારો થાય.
- સેવાઓના ખર્ચમાં ઘટાડો થાય.
- ઓછા ખર્ચે વધુ સેવાઓ.
- સંઘસૂચિ તૈયાર થાય.

## ૬. નેટવર્ક આધારિત સેવાઓ

નીચે મુજબની નેટવર્ક આધારિત સેવાઓ પણ પૂરી પાડી શકાય છે.

(૧) પસંદગીયુકત માહિતી પ્રસારણ (SD1), અદ્યતન અવબોધન સેવા (CAS) જેવી અદ્યતન સેવાઓ પૂરી પાડી શકાય છે.
(૨) આંતર ગ્રંથાલય લોન, પ્રલેખ, રવાનગી જેવી સેવાઓ આપી શકાય છે.
(૩) વેબ ઓપેક
(૪) વિડિયો અને કોમ્પ્યુટર કોન્ફરન્સ
(૫) ઈલેકટ્રોનીક મેઈલ/ બુલેટીન બોર્ડ/ ચર્ચા સમૂહો જેવી પ્રત્યાયન આધારિત સેવાઓ
(૬) ગ્રંથસંગ્રહના વિકાસ માટે સહકારી પસંદગી અને પ્રાપ્તિ
(૭) સંઘસૂચિ, ભાગીદારી ડેટાબેઝની ઓનલાઈન પ્રાપ્તિ ભાગીદારી સૂચિકરણ જેવી સૂચિ સેવાઓ
(૮) સંદર્ભ અને નિર્દેશી જેવી ડેટાબેઝ સેવાઓ

## ૭. નેટવર્કમાં ઈન્ટરનેટની ભૂમિકા

ઈન્ટરનેટએ હજારો કોમ્પ્યુટરોનું સમગ્ર વિશ્વમાં હજારો સાઈટસનું નજીકનું જોડાણ છે. નેટવર્કમાં ઈન્ટરનેટની ભૂમિકા નીચે મુજબ છે.

**(૧) ટપાલ સેવા (ઈ–મેઈલ)**

સમગ્ર વિશ્વમાં પરસ્પર સંદેશાના વિનિમયની સુવિધા પૂરી પાડે છે. સંસાધન ભાગીદારીઓ નેટવર્ક કરતા ગ્રંથાલયોને જોડવા માટે પ્રશ્નોનું આદાન–પ્રદાન કરવા ડેટા મોકલવા માટે પ્રત્યાયનના સાધન તરીકે કાર્ય કરે છે.

**(૨) વિજાણું પ્રકાશનો (e-books)**

જર્નલ, ન્યુઝલેટર્સ, ન્યુઝપેપર જેવા પ્રકાશનોની પ્રત્યક્ષ ઈન્ટરનેટ દ્વારા વિજાણું પ્રકાશનો સ્વરૂપમાં થાય છે. તે વાહનવ્યવહાર ખર્ચને ઘટાડી જટિલ ડેટા, સારણીઓ ચલિત ચિત્રો, અવાજ અને વિડિયો દૃશ્યો હસ્તગત કરવાની ક્ષમતા ધરાવે છે.

**(૩) બુલેટીન બોર્ડ**

વિજાણુકીય સ્થળ દ્વારા ખાસ રસ ધરાવતા લોકો મળી પ્રશ્ન ઉપર ચર્ચા કરે અને તેના અદ્યતન માહિતી મેળવે છે. USENET એક વૈશ્વિક સમાચાર નેટવર્ક દ્વારા પૂર્ણ કરવામાં આવે છે.

**(૪) માહિતીની શોધ અને પ્રાપ્તિ**

ઈન્ટરનેટ વિશ્વના ગમે તે ભાગમાં આવેલ નેટવર્ક ધરાવતા સાર્વજનિક ગ્રંથાલયોની ઓનલાઈન સૂચિ દ્વારા માહિતી શોધવા અને e–જર્નલની ડાઉનલોડ કરવા અને ઉપભોકતાને મોકલવાની સેવાપ્રદાન કરે છે.

**(૫) વર્લ્ડ વાઈડ વેબ (www)**

આના દ્વારા સાર્વજનિક ગ્રંથાલયો હજારો ડેટાઓ અને સૂચિઓ પ્રાપ્ત કરી શકે છે.

આ ઉપરાંત ઈનટરનેટ દ્વારા Chating, Net- meeting, વિડીયો કોન્ફરન્સ જેવી સેવાઓ પૂરી પાડે છે.

## ૮. ગ્રંથાલય સોફ્ટવેર

LIBRA, LIBSYS, CLIS, MAITRAYEE, SANJAY, CAIRS, LIBRARIAN, OASIS, CDS/ISIS, MICRO, SOUL વગેરે જેવા ગ્રંથાલયના સોફ્ટવેર ઉપલબ્ધ છે. CDS/ISIS (DOS સંસ્કરણ),WINISIS (વિન્ડો વર્ઝન), ILIMS, LIBSYS, Alic for windows વગેરે જેવા સાર્વજનિક ગ્રંથાલયોને ઉપયોગી સોફ્ટવેર છે. CDS/ISIS (DOS સંસ્કરણ) WINISI (વિન્ડો વર્જન) લગભગ તે ફ્રી સોફ્ટવેર છે. તે શકિતશાળી શોધ સુવિધા અને ISO 2709 માનાંક સ્વરૂપમાં ડેટા આપ–લે કરવાની સુવિધા છે. તેથી તે સાર્વજનિક ગ્રંથાલય માટે વધુ યોગ્ય છે. તે યુનેસ્કોમાંથી લગભગ મફત આવે છે. તે ગ્રંથાલયના ડેટા સર્જન કરવામાં ઉપયોગી છે. કેટલાક ઓપન સોફ્ટવેર પર ફ્રી ઉપલબ્ધ છે. તે પણ ડાઉનલોડ કરી ઉપયોગ કરી શકાય છે. દા. ત. DSpace.

## ૯. ભારતમાં ગ્રંથાલય નેટવર્ક

કેલિબનેટ CALIBNET (1986), ડેલનેટ DELNET (1988), પુનેનેટ PUNNET (1992), એડીનેટ ADINET (1993), બોનેટ BONET (1994), માઈલિબનેટ MALIBNET (1995), રેકનેટ RECNET (1996), ઈન્ફ્લીબનેટ INFLIBNET(1985), MULIBNET, NIGNET, HYLIBNET, ERENT, INDONET, SIRNET વગેરે જેવા નેટવર્ક ઉપલબ્ધ છે જે ગ્રંથાલય અને માહિતી નેટવર્કની સુવિધા પૂરી પાડે છે.

## ૧૦. ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયો માટે નેટવર્કની આવશ્યકતા

ભારત સહિત વિકાસશીલ દેશોમાં સાર્વજનિક ગ્રંથાલય ધારાના અભાવમાં જયારે સાર્વજનિક ગ્રંથાલયોનો વિકાસ થયો નથી ત્યારે સાર્વજનિક ગ્રંથાલયો નેટર્વકના માધ્યમ દ્વારા એક બીજા સાથે જોડાય ને એકબીજાને પૂરક બને એ અતિ આવશ્યક છે. આ સંદર્ભમાં સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસ સાથે સંકળાયેલ રાષ્ટ્રીય કક્ષાની જેવી કે રાજા રામમહોન રાય ફાઉન્ડેશન તથા રાષ્ટ્રીય અને રાજયકક્ષાના ગ્રંથપાલ મંડળો આંતરાષ્ટ્રીય સંસ્થાઓ જેવી કે ઈફલા યુનેસ્કો વગેરે એ સાર્વજનિક ગ્રંથાલયોના નેટર્વક અને સંસાધન ભાગીદારીની હિમાયત કરેલ છે. આ સંદર્ભમાં 1972નો યુનેસ્કો સાર્વજનિક ગ્રંથાલયોનો ઘોષણાપત્રને 1994માં સંવર્ધિત કરવામાં આવ્યો. વળી વેબ ટેકનોલોજી વિકાસ સંદર્ભમાં તથા 21મી સદીમાં ઉપભોકતાની માંગને ન્યાય આપવા માટે ઈફલાના સાર્વજનિક ગ્રંથાલય વિભાગે સાર્વજનિક ગ્રંથાલયના વિકાસ માટે નવી માર્ગદર્શિકા તૈયાર કરી જે મુજબ.

– રાષ્ટ્રીય કક્ષાએ ગ્રંથાલય સંકલન અને સહકારી ખામી આપવા માટે કાયદાએ વ્યૂહાત્મક યોજનાએ સંમત થયેલ સેવાઓના માનાંકો અધારિત રાષ્ટ્રીય ગ્રંથાલય નેટર્વકને વ્યાખ્યાતિ કરવું અને વિકસાવવું આવશ્યક છે.

– સાર્વજનિક ગ્રંથાલયની નેટર્વકની રચના રાષ્ટ્રીય, પ્રાદેશિક, સંશોધન અને વિશિષ્ટ ગ્રંથાલયો તેમજ શૈક્ષણિક સંસ્થાઓના ગ્રંથાલયોના સંબંધમાં કરવા ભાર મૂકયો છે.

ભારતના સંવિધાનની જોગવાઈ અનુસાર સાર્વજનિક ગ્રંથાલયોએ રાજયનો વિષય હોવાથી રાષ્ટ્રીય સાર્વજનિક ગ્રંથાલય નેટર્વકની આવશ્યકતા અનુસાર વિકાસ શકયતાઓ મર્યાદિત બની જાય છે પરંતુ રાજય સરકારોએ તેમજ રાજય પુરતું સાર્વજનિક ગ્રંથાલય નેટર્વકનો વિકાસ કરવો અતિ આવશ્યક છે. કેટલાક રાજયોએ આ દિશામાં પ્રયત્નો કર્યા છે. ખાસ કરીને તામિલનાડું, કેરાલા, કર્ણાટક જેવા રાજયોમાં સાર્વજનિક ગ્રંથાલયના ઓટોમેશન માટેનું કાર્ય પૂર્ણ થયેલ છે અને નેટર્વક વિકાસની દિશામાં આગળ વધી રહ્યાં છે.

ગુજરાતમાં સાર્વજનિક ગ્રંથાલયના નેટર્વક વિકાસ માટેની પ્રાથમિક તૈયારી રૂપે જીલ્લા ગ્રંથાલયોનું ઓટોમેશનનું તથા રાજય મધ્યસ્થ ગ્રંથાલયનું ઓટોમેશનનું કાર્ય પૂર્ણ થયેલ છે. પરતું જીલ્લા ગ્રંથાલયો અને રાજય મધ્યસ્થ ગ્રંથાલયોનું નેટર્વક જોડાણ, સામાન્ય ડેટાબેઝ–કેટલૉગ વિકાસાવવાનું કાર્ય બાકી છે. ઉપરાંત સરકારી તાલુકા સાર્વજનિક ગ્રંથાલયોના નેટર્વકીગ અંગે કોઈ કાર્ય વાહી થઈ શકી નથી. રાષ્ટ્રીય જ્ઞાન પંચે પણ સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસ માટે રાષ્ટ્રીય ભંડોળ વિકાસવવા અને ઉદ્યોગ જગત દ્વારા એકહજાર કરોડ એકત્ર કરી વિકસાવવા સૂચન કરેલ છે.

**૧૧. સમાપન**

સાર્વજનિક ગ્રંથાલયોના નેટવર્ક માટે પ્રથમ તબક્કે કોમ્પ્યુટિકરણ જરૂરિયાત છે. તે સહેલાઈથી અમલમાં મૂકી શકાય તેમ છે. આ માટે જરૂરી હાર્ડવેર, સોફ્ટવેર, તથા અન્ય ખર્ચાઓ માટે નાણાં સરકાર દ્વારા પુરી પાડવા જોઈએ નેટવર્કને પરિણામે સમય અને ખર્ચની ઘણી મોટી બચત થશે. આ માટે આધુનિક સગવડો વાળા સોફ્ટવેરની આવશ્યકતા છે. આવા સોફ્ટવેર યુનીકોડ તથા અન્ય આંતરરાષ્ટ્રીય માનાંકો આધારિત હોવા જોઈએ. ભારતમાં જુદી જુદી ભાષા હોવાથી સીધે સીધી તેજ ભાષામાં એન્ટ્રી થઈ શકે તેવી સગવડ હોવી અત્યંત જરૂરી છે.

## સંદર્ભ ગ્રંથો


૧. ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, 23મો ગ્રંથાલય પરિસંવાદ (2007 : તિથલ) ગ્રંથાલય આધુનિકરણને પગલે સંપાદક પ્રવિણ શાહ અને બીજાઓ, અમદાવાદ, ગુજરાત ગ્રંથાલય–સેવાસંઘ,2007, પૃ.149-160
૨. પટેલ, મનુભાઈ જી. (૨૦૧૧). સંપાદક. ગ્રંથાલયોમાં માહિતી પ્રત્યાયન ટેકનોલોજી, અમદાવાદ, પાર્શ્વ પબ્લીકેશન પૃ. ૧૬૦.૧૬૭
૩. સી. લાલ ગ્રંથાલય અને આધુનિક પ્રૌદ્યોગિકરણ, દિલ્લી, એસ.એસ. પબ્લીકેશન ૨૦૦૯, પૃ.૭૭-૮૩
૪. IGNOU Study Material in MLIS 03, MLIS-04,MILS-06,and MLIS E3
૫. IFLA Preparing Libraries For 21st Century: Seminar Paper 40th All India Library Conference goa,5-8, Jan.-1995.
૬. INGOU Stady Material in MLIS-E6
૭. Singh Mahendra Pratap (2004) Use of Information Technolgy in Libray and Informance Science, Delhi Abhijeet Publicarion, P. 210-225.
૮. http://www.adinet.ac.in